**રે.દી.મુ.નં. ૩૪/૨૦૧૭**

**<u>–: આંક–૧ નીચે હુકમ :–</u>**

।૧।  આ કામમાં વાદીઓએ હાલના પ્રતિવાદીઓ વિરુધ્ધ વિજ્ઞાપન તથા કાયમી તાકીદ મેળવવા તથા પાર્ટીશન સ્યુટની દાદ મેળવવા દાવો દાખલ કરેલ છે. સદર કામ નામ. ડીસ્ટ્રીકટ કોર્ટ વંથલી ખાતેથી અપીલના કામેથી પરત આવ્યા બાદ તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજથી વાદીના પુરાવા ઉપર પેન્ડીગ છે, કેસ રેકર્ડ ધ્યાને લેતાં અપીલમાં કામ મોકલ્યા પહેલાથી એટલે કે, સાડા ચારેક વર્ષથી વાદીએ પુરાવો રજુ કરવાનો હતો, ગત તા.૨૯/૩/૨૦૨૪ ના રોજ આ કામે વાદીને પુરાવો રજુ કરવા માટે છેલ્લી મુદત આપવામાં આવી હતી, ત્યારબાદ પણ અઢી મહીના જેટલો સમય પુરો થયેલ છે,અને આજ રોજ પણ વાદી હાજર નથી અને પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને મુદત રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે, નામ.વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શન મુજબ અને ડાયરેકશન મુજબ ૫ વર્ષ જુના કેસો ઝડપી ચલાવવા જણાવવામાં આવેલ હોય, જેથી આજ રોજ વાદી તરફે રજુ કરવામાં આવેલ સદર મુદત રીપોર્ટ નામંજુર કરવામાં આવે છે અને હાલના દાવાના કામે વાદીને વધુ મુદત આપવાનુ ન્યાયોચિત જણાઈ આવતુ ન હોય, વાદીનો દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

માણાવદર
તા.૨૧/૦૬/૨૦૨૪

( અતીત મહેશકુમાર મહેતા )
પ્રીન્સીપાલ સીવીલ જજ,
માણાવદર
કોડ નં. જી.જે.૦૧૫૨૧